# Visit of External Affairs Minister of India to Slovakia and Czech Republic (June 02-06, 2022)

June 06, 2022

# ભારતનાં વિદેશ મંત્રીની સ્લોવેકિયા અને ચેક ગણરાજ્યની મુલાકાત (02-06 જૂન, 2022)

06 જૂન, 2022

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકર દ્વારા 02-03 જૂનનાં રોજ સ્લોવેકિયાની અને 04-05 જૂન, 2022 નાં રોજ ચેક ગણરાજ્યની અધિકૃત મુલાકાત લેવામાં આવી હતી.

2. સ્લોવેકિયાનાં વિદેશી અને યુરોપીયન બાબતોનાં મંત્રી મહામહિમ શ્રીમાન ઈવાન કોરકોકનાં આમંત્રણ પર કરવામાં આવેલી સ્લોવેકિયાની મુલાકાત 1993 માં તેની રચના બાદ વિદેશ મંત્રી સ્તરની સૌપ્રથમ મુલાકાત હતી. ભારત અને સ્લોવેકિયા લોકતંત્ર, કાયદાનું શાસન, સ્વતંત્રતા અને સમાનતાનાં સામાન્ય મૂલ્યો પર આધારિત નિકટનાં અને મૈત્રીપૂર્ણ સંબંધો ધરાવે છે.

3. 03 જૂન નાં રોજ. વિદેશ મંત્રીએ બ્રાતિસ્લાવામાં યોજાયેલ ગ્લોબસેક 2022 ફોરમમાં ભાગ લીધો હતો અને ‘મૈત્રીને આગામી સ્તર સુધી લઈ જવી: ઈન્ડો-પેસિફિક પ્રાંતમાં સાથી રાષ્ટ્રો’ વિષય પર વક્તવ્ય આપ્યું હતું.

4. દ્વિપક્ષીય મોરચા પર, વિદેશ મંત્રી સ્લોવેકિયાનાં વડાપ્રધાન મહામહિમ શ્રીમાન એડ્યુઅર્ડ હેગરને મળ્યા હતા અને વિદેશ મંત્રી કોરકોક સાથે પ્રતિનિધિ મંડળ સ્તરની વાતચીત કરી હતી. યુક્રેન માંથી 1115 ભારતીય વિદ્યાર્થીઓને બહાર કાઢવામાં તેઓની સહાયતા બદલ વિદેશ મંત્રીએ સ્લોવેક પક્ષનો આભાર માન્યો હતો. તેઓએ ભારત અને સ્લોવેકિયા વચ્ચે રસીનાં પ્રમાણપત્રોની પારસ્પરિક ઓળખની પણ પ્રશંસા કરી હતી જેનાંથી બન્ને દેશો વચ્ચેની યાત્રાને ખુબ જ સુવિધા પ્રાપ્ત થઈ છે. બન્ને પક્ષોએ વ્યાપાર, રોકાણ અને સંરક્ષણ ક્ષેત્રોમાં વધી રહેલા સહકાર પર ચર્ચા કરી હતી. વિદેશ મંત્રીએ વિદેશ મંત્રી કોરકોકને ભારતની મુલાકાત લેવા માટે આમંત્રણ પાઠવ્યું હતું અને જણાવ્યું હતું કે ખુબ જ ઝડપથી વૃદ્ધિ પામી રહેલ પ્રાઈવેટ સેક્ટર તેમ જ સંરક્ષણ ઉદ્યોગ ખુલ્લો થવાથી વ્યાપાર કરવામાં નોંધપાત્ર સરળતા ઉભી થઈ હતી. વિદેશ મંત્રી કોરકોકે આગામી મહિનાઓમાં વિશાળ વ્યાપારી પ્રતિનિધિ મંડળ સાથે ભારતની મુલાકાત લેવામાં રસ દાખવ્યો હતો. વિદેશ મંત્રીએ સ્લોવેકિયાને ઈન્ટરનેશનલ સોલર એલાયન્સમાં જોડાવા માટે પણ આમંત્રણ પાઠવ્યું હતું. બન્ને પક્ષોએ યુક્રેન, યુરોપીયન યુનિયન અને ઈન્ડો-પેસિફિક સહિતનાં પ્રાંતિય તેમજ બહુપક્ષીય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન પણ કર્યું હતું.

5. વિદેશ મંત્રીએ વિદ્યાર્થીઓ સહિત ભારતીય સમુદાયનાં લોકો સાથે સંવાદ પણ કર્યો હતો. તેઓએ દ્વિપક્ષીય સંબંધો વધારે મજબૂત કરવામાં તેમ જ બન્ને દેશો વચ્ચે પરસ્પર લોકો વચ્ચેનાં જોડાણોનો પ્રચાર કરવામાં તેઓની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

6. ગ્લોબસેક 2022 ફોરમનાં અવકાશમાં, વિદેશ મંત્રી ઓસ્ટ્રિયાનાં યુરોપીયન અને આંતરરાષ્ટ્રિય બાબતોનાં મંત્રી મહામહિમ શ્રીમાન એલેક્ઝાંડર સ્કાલેનબર્ગને મળ્યા હતા. વિદેશ મંત્રી સ્કાલેનબર્ગે માર્ચ 2022 માં લીધેલી પોતાની ભારતની મુલાકાતને સ્નેણપૂર્ણ યાદ કરી હતી અને પાઠવ્યું હતું કે તે ખુબ જ ઉત્પાદક રહી હતી અને

આપણી ભાગીદારી વધારે મજબૂત કરવા તરફ દોરી ગઈ હતી, ખાસ કરીને વ્યાપાર અને સંસ્કૃતિનાં ક્ષેત્રમાં. બન્ને પક્ષો સ્થળાંતર અને ગતિશિલતા પરની સમજૂતિ તરફ તેમ જ રસીનાં પ્રમાણપત્રોની પારસ્પરિક ઓળખ કરવા પર સંમત થયા હતા. બન્ને મંત્રીઓએ યુક્રેન વિગ્રહ અને તેની અસરો સહિતનાં પ્રાંતિય અને બહુપક્ષીય મુદ્દાઓ પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું.

7. વિદેશ મંત્રી મોન્ટેનેગ્રોનાં રાષ્ટ્રપતિ મહામહિમ શ્રીમાન મિલો ડ્યુકાનોવિકને પણ મળ્યા હતા. બન્ને નેતાઓએ બન્ને દેશો વચ્ચે મૈત્રીપૂર્ણ જોડાણોની અને બહુપક્ષીય ક્ષેત્રમાં નિકટનાં સહકારની નોંધ લીધી હતી. તેઓએ વિવિધ ક્ષેત્રોમાં અને ખાસ કરીને રોકાણ, સંસ્કૃતિ, પ્રવાસન અને પુનઃપ્રાપ્ય ઊર્જાનાં ક્ષેત્રોમાં આપણા સંબંધો વિસ્તૃત કરવાનાં માર્ગોની ચર્ચા કરી હતી. મોન્ટેનેગ્રોનાં રાષ્ટ્રપતિએ આઈટીઈસીનાં ક્ષેત્રમાં આપણા ચાલું સહયોગની પ્રસંશા કરી હતી અને વિદેશ મંત્રીને આગામી મહિનાઓમાં મોન્ટેનેગ્રોની મુલાકાત લેવા માટે આમંત્રણ પાઠવ્યું હતું.

8. વિદેશ મંત્રીએ ચેક ગણરાજ્યનાં વિદેશ મંત્રી મહામહિમ શ્રીમાન જાવ લિપાવસ્કીનાં આમંત્રણ પર ચેક ગણરાજ્યની મુલાકાત લીધી હતી. ભારત અને ચેક ગણરાજ્યનાં સંબંધો ઐતિહાસિક રીતે સ્નેહપૂર્ણ અને મૈત્રીપૂર્ણ રહ્યા છે અને ઉચ્ચ સ્તરનાં આદાનપ્રદાનો અને તમામ ક્ષેત્રોમાં વધારેલા સહકાર મારફત છેલ્લા કેટલાક વર્ષોમાં વધારે મજબૂત બન્યા છે.

9. પ્રતિનિધિ મંડળ સ્તરની વાતચીત દરમિયાન, બન્ને નેતાઓએ રાજકીય, આર્થિક, સંરક્ષણ અને સુરક્ષા, S&T, સાંસ્કૃતિક અવે લોકોનાં પરસ્પરનાં જોડાણો સહિત દ્વિપક્ષિય સંબંધોનાં તમામ પાસાઓ પર ચર્ચા કરી હતી. બન્ને પક્ષોએ પ્રશંસા કરી હતી કે દ્વિપક્ષીય વ્યાપાર 2 અબજ યુએસ ડોલરને પાર કરી ચૂક્યો હતો. યુરોપીયન યુનિયનની આગામી ચેક અધ્યક્ષતા સહિત ભારત-યુરોપીયન યુનિયન સંબંધો પર પણ ચર્ચાઓ યોજવામાં આવી હતી. ભારત-ઈયુ એફટીએ નાં વહેલા સમાપન તરફ કામ કરવા બન્ને પક્ષો સંમત થયા હતા. બન્ને પક્ષોએ ઈન્ડો-પેસિફિક અને યુક્રેન વિગ્રહો પર દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું. તેઓએ બહુપક્ષીય મંચો પર સહકારની પણ ચર્ચા કરી હતી અને આ ક્ષેત્રમાં નિકટતાથી કામ કરવા સંમત થયા હતા.

10. વિદેશ મંત્રીએ યુરોપીયન સંસદનાં ચેક સભ્યો સાથે પણ સંવાદ કર્યો હતો અને યુરોપીયન યુનિયન તેમજ ચેક ગણરાજ્ય સાથે ભારતનાં પ્રબળ જોડાણોની પણ ચર્ચા કરી હતી. તેઓએ ઈન્ડો-પેસિફિક, અન્ન અને ઊર્જા સુરક્ષા, તેમજ ડિજિટલ સહકાર પર દ્રષ્ટિકોણોની આપ-લે કરી હતી.

11. પ્રાગમાં, વિદેશ મંત્રીએ ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરની અર્ધ-પ્રતિમા પર ફૂલોથી શ્રદ્ધાંજલી અર્પિત કરી હતી. તેઓએ ભારતીય સમુદાયનાં લોકો સાથે પણ સંવાદ કર્યો હતો અને ભારત-ચેક લોકોનાં પરસ્પરનાં જોડાણોનો પ્રચાર કરવામાં તેઓની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

**નવી દિલ્હી**
**06 જૂન, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.